ક્ષત્રિય ધર્મ સમુલ્લાસ.

ભાગ ૧ લો.

જાગૃતિ.

ભુજંગી.

ભલો ભૂપ તારો, ભલી ભૂમિ તારી:
ભલું રાજતંત્ર, મળી શાંતિ સારી:
તથાપિ ન સારી બુરી તેં વિચારી;
વૃથા જન્મીને ભૂમિને ભારે મારી. (૧)
નથી દેશભક્તિ, નથી સ્વામિભક્તિ;
નથી શંભુના ગુણ ગાવાની શક્તિ;
ભલી માનવી દેહ શાને તેં ધારી;
વૃથા જન્મીને ભૂમિને ભારે મારી. (૨)
હવે ચેત ક્ષત્રી તનુ નિન્દ ટાળી:
સુરાપાન ત્યાગી શુરા દે સુધારી;
યશો-ગાન તારાં ગવાતાં અગાડી;
ગવાશે પુનઃ તે વદું બ્રહ્મ વાણી (૩)

પ્રસિદ્ધ કર્તા.
ઇચ્છાશંકર પ્રાણશંકર માંડવીકર
હેડ માસ્તર ગોથાણ.
પો૦ સાયણ.

શ્રી 'રાંદેર' પ્રીન્ટીંગ પ્રેસમાં આર. ટી. પિરાચાએ છાપી.

કિંમત ૦-૪-૦

વાંસદાના સ્વર્ગસ્થ મહારાણા પ્રતાપસિંહજી પ્રતિ

નિવાપાંજલિ.

વીરા વેશ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ—એ રાગ.

પ્રભુ પ્રેમ પિપાસી, વાંસદા વાસી, પ્રતાપસિંહજી જાવ—ટેક.
જાઓજી જાઓજી જાઓજી જાઓજી, જાઓજી જાઓજી જાવ
રે પ્રભુ

દેવલોકીથી [1]ધર્મદુતોનો, કરજો તમે સંઘાત,
જેથી તમોને મુસાફરીમાં નહિ થાશે પરીતાપરે—પ્રભુ.
મારગે જાતાં ધમ ગજાની, નગરી છે વિશાળ,
(તે)ન્યાયમંદિરે માં ન્યાય આપે છે પુછજો તેને ભ ળરે—પ્રભુ.
યમપુરીથી [2]ઉર્ધ્વદિશામાં, [3]અમરાપુરી પન્થ સ્હાવ,
[4]મઘવાપતિનાં દર્શન કરતાં, [5]સ્વર્ગસદન સોહાવરે—પ્રભુ.
કૈલાસમાંહી [6]ગિરિજાપતિનાં, લેજો દર્શન લ્હાવ,
પ્રાર્થના કરજો [7]નૃપતિ તેની, વૈકુંઠ જાવા ભાવરે—પ્રભુ.
શંકર ભેળા આવશે સાથે, [8]શ્રીપતિ કેરી પાસ,
વંદન કરીને વિનવજો કે, [9]અક્ષયપદની આશરે—પ્રભુ.
[10]જીવ તમારો [11]જડ ત્યજીને, [12]શિવરૂપી બની જાવ,
[13]પ્રેમપિપાસીને ત્યજી દીધાં પણ, [14]શિવસદન સોહાવરે—પ્રભુ.

સંપાદક.

---

૧ ધર્મદુતો-ધર્મ રાજાના દુતો. ૨ ઉત્તર દિશા ૩ અમરાપુરી ઇન્દ્રની રાજ્યધાની ૪ મઘવાપતિ-ઇન્દ્રરાજા. ૫ સ્વર્ગસદન-સ્વર્ગલોક. ૬ ગિરિજાપતિ-મહાદેવ. ૭ નૃપતિ-મહારાણા. વૈકુઠ-વિષ્ણુંની નગરી. ૮ શ્રીપતિ-વિષ્ણુ, શેષશાયી ભગવાન. ૯ અક્ષયપદ-જીવનમુકિત. ૧૦ જીવ- ૧૧ જડ-માયા. ૧૨ શિવરૂપી-પરમાત્મામય. ૧૩ પ્રેમ પિપાસી-પ્રેમીજનો. ૧૪ શિવસદન અક્ષય ધામ.

શ્રી નામદાર ધરમપુર દરબાર પ્રતિ.

પુષ્પાંજલિ.

હરિગીતની ચાલ.

ભાવે સમર્પું ધર્મપુરના તાજ મોહનદેવને.
'ક્ષત્રિય ધર્મ સમુલ્લાસ' ઉન્નતિના કારણે;
જેથી સુખો પરમાર્થનાં અને વળી વ્યવહારનાં;
નિજ જ્ઞાતિજનનાં રાજપુત્રો ભોગવે સંસારમાં ૧
અજ્ઞાનને અંધકાર ટાળી જ્ઞાન દીપ પ્રગટાવશે;
જ્યારે થશે નિજ જ્ઞાતિ જ્ઞાની આપશ્રીને સુહાવશે; ૨
એ હેતુથી આરંભ કરાયો દાઝ ક્ષત્રીની ધરી;
આનંદે લનો આ ઇચ્છુના સ્વીકારશો ઉમંગ ધરી. ૩
"રામ નામે તરે પત્થર" આપ તેના વંશ છો;
રામ આધુનિક ભણી હું રામશેતુ બાંધતો. ૪
તે નીળ સમી મુજ ભાવના ક્ષત્રી પ્રજાને તારવા;
ભવાબ્ધિ નાકા ગુંથું જેમાં આપની ઉદારતા. ૫
'ક્ષત્રિય ધર્મ સમુલ્લાસ' ઉન્નતિના કારણે;
ભાવે સમર્પું ધર્મપુરના તાજ મોહનદેવને. ૬

આશીર્વાદ.

ઇન્દ્રવિજય.

તાપ ત્રિમૂર્તિ હરે ત્રિણિ, મોહનદેવ સદા સુખમાંહી વિરાજે;
બાહુ વિષે બળ ભીમ સમું, રઘુનાથ સમા રઘુવંશજ ગાજે;
ધર્મપુરીનું રાજ્ય સ્વતંતર, સેવક ભાવ અહોનિશ રાખો;
ક્ષત્રી સમસ્તની ધર્મધુરી ગ્રહી, ઉન્નતિનાં ફળ મિષ્ટજ ચાખો.

સેવક કર્તા.

પ્રસ્તાવના.

“આજકાલ આપણી રજપુત ન્યાતિમાં ભક્ષ્યાભક્ષ, બ્રહ્મચર્ય અને પતિનું પત્ની પ્રત્યેનું વર્ત્તન, એ વિષયો ઉપર ખાસ વિચાર કરવાની; અને તેની સાથે જ્ઞાનનો પ્રસાર થવાની ખાસ જરૂર છે. એટલોજ સુધારો બરોબર થાય, તો ઉન્નતિના શિખર ઉપર ચઢતાં વિલંબ નથી.”

એ પ્રમાણે ઘણા બન્ધુઓનું વારંવાર કહેવું થાય છે; જેથી કેટલાંક ક્ષત્રી કોમને લગતાં ભજનો લખી ઉપલા વિષયોની ચર્ચા કરી છે.

આપણા ગુરૂ પરમહંસ પરમાનંદ સરસ્વતીએ આ ઉલ્લેખ વાંચી એવું કહ્યું હતું કે:-“જો આ ભજનોનો મુખપાઠ કરી, વારંવાર મનન કરે, અને આચારમાં મૂકે તો અવશ્ય ક્ષત્રી પ્રજાનું કલ્યાણ થશે.” જે આપની સમસ્ત મૂકી કૃતાર્થ થાઉં છું.

કર્ત્તા.

૫.

રાજસ્થાનો પ્રતિ.

(આશીર્વાદ)

ક્ષત્રીકુલ માંહીં સદા, શાન્તિ વરસજો—શાન્તિ વરસજો.
ત્રિવિધ તાપ ક્ષત્રીના, વિભુ સમાવજો—વિભુ સમાવજો.
એકના અનેક સર્વ, ઘેરમાં હુજો—ઘેરમાં હુજો.
સુજ્ઞતા સુકીર્તિ ગૃહે, લક્ષ્મી જામજો—લક્ષ્મી જામજો.
[1]ધર્મપુર માંહીં [2]ધર્મ ધ્વજ, ફરકજો—ધ્વજ ફરકજો.
[3]રત્નપુરમાં રમાને, રામ રાખજો—રામ રાખજો.
વાડૉસિનોર સિંહન્હોર, સમ વિકાશજો—સમ વિકાશજો.
માંડવીમાં માંરવા, હરિ કથા જજો—હરિ કથા જજો.
ઈડર [5]ઑાડર ચીરકાળ, પ્રતાપનો હુજો—પ્રતાપનો હુજો.
ગુર્જરી ભૂમિના રાજવી, કરો મજો—રે કરો મજો.
[6]લવણપુર [7]લવણ જેમ, પ્રિયંગુ હુજો—પ્રિયંગુ હુજો.
[9]ઉદયપુર માંહી [10]ઉદય, [11]પુર વાધજો—પુર વાધજો.
[12]દેવઘડ [13]દેવઘડ સમું સ્થીર હુજો ;સમું સ્થીર હુજો,
વાંસદામાં વાસ દામોદરનો હુજો—ડરનો હુજો.
ઈષ્ટ ફળ કેરી પ્રાપ્તિ સર્વને હુજો—સર્વને હુજો.
પુત્ર મિત્ર ને કલત્ર સંગમાં હુજો—સંગમાં હુજો.
સંપજંપ ને આનંદ જ્ઞાન પ્રસરજો—જ્ઞાન પ્રસરજો.

---

૧ ધર્મપુર-ધરમપુર. ૨ ધર્મધ્વજ-ધર્મની ધજા. ૩ રત્નપુર-રતનપુર. (રાજપીપળા). ૪ રમા-લક્ષ્મી. ૫ ઑાડર-હુકમ, આણ. રાજવી-રાજાઓ. મજો-મજા. ૬ લવણપુર-લુણાવાડા. ૭ લવણ જેમ પ્રિયંગુ-મીઠાં જેવું લોકપ્રિય. ૯ ઉદયપુર-છોટા ઉદેપુર. ૧૦ ઉદય-આબાદી. ૧૧ પુર-પુરેપુરી. ૧૨ દેવઘડ બારીયા. ૧૩ દેવ દેવના કિલ્લા જેવો.

વિજય વાવટો.

પ્રભુ પ્રતિ ઇષ્ટ ફળની પ્રાર્થના.

તારી મને લાગી માયા, પ્રભુ વનમાળી—એ રાહ

(૧)

લાગી મનેં લગની તારી, હરિ હરિયાળી,
હરિ હરિયાળી વ્હાલા હરિ હરિયાળી ટેક
દેવા સેવા મેવા મીઠા વિભુ વનમાળી
પ્રેમ લક્ષણા ભક્તિ તારી, લાગે રઢીયાળી
લાગે રઢીઆળી વ્હાલા, લાગે રઢીઆળી વ્હાલા વિભુ.
મયુરધ્વજની મમતા ભાળી, પુત્રથી મેલી પાળી
શુદ્ધ પ્રેમનો પરખ્યો જ્યારે, સાયુજ્ય મુક્તિઆલી
સાયુજ્ય મુક્તિ આલી વ્હાલા, સાયુજ્ય મુક્તિઆલી વ્હાલા.
ગોપીઓની લીલા ભાળી, ગન્યા તમે માળી,
કમળપત્ર વત્ રહ્યા નિરાળા યથેષ્ઠ ભુક્તિઆલી,
યથેષ્ઠ ભુક્તિઆલી વ્હાલા યથેષ્ઠ ભુક્તિઆલી, વ્હાલા વિભુ.
સવરી સુદામો સહનો સરમા પરમ ભક્તિવાળી,
લજ્જા રાખી શ્રીહરિ પંડે ભવ રહ્યા પાળી,
ભવ રહ્યા પાળી વ્હાલા ભવ રહ્યા પાળી વ્હાલા વિભુ.
ભક્ત વત્સલ ભુધર મારા, વિનતિ આ સ્વીકારી
અજ્ઞાનરૂપી અંધારૂં ટાળી, પ્રજ્ઞા જ્યોત પ્રજાળી વ્હાલા વિભુ
ઉઠ સઘ તું આળસ મરડી, પરમ પ્રેમ ધારી,
અશરણ શરણ નામ કહાવે, ક્ષત્રી દે સુધારી,
ક્ષત્રી દે સુધારી વ્હાલા, ક્ષત્રી દે સુધારી વ્હાલા વિભુ.
ઇચ્છાશંકરની એ ઇચ્છા, કાપ કુબુદ્ધિ કાળી,
વિજય! વિજય! કર વિજય ક્ષત્રીના, વિજય વાવટો ઝાળી
વિજય વાવટો ઝાળી વ્હાલા, વિજય વાવટો ઝાળી
વિજય! વિજય! કર વિજય ક્ષત્રીના વિજય વાવટો ઝાળી
વ્હાલા વિભુ વનમાળી લાગી૦

પરમાત્માને ભક્તિભાવથી ઉપાલંભ.

વ્હાલા વેગે આવોરે દયા દીલે લાવોરે ભીડુ મારી ભાંગવાહોજી રાગ.

૧

પ્યારા પ્રભુ ચાલોરે, વિભુ વ્હાંય ઝાલોરે ક્ષત્રિય તનુની હરી
ગણુકારો નહિં તો ખુલ્લાં કરૂં તમ છિદ્ર   પ્યારા.
સમજી આને લ્હાવોરે,
હું રાખું તમપર દાવોરે, ધાવો વેગે વિઠલા હરી
ગણુકારો નહિં તો ખુલ્લાં કરૂં તમ છિદ્ર   પ્યારા

સાખી

શંખ સદા સેવા કરે, બાળક થઇ તમ જાપ:
લક્ષ્મી જેની બ્હેનડી, સમુદ્ર સરખો બાપ;
ભિક્ષા માગે તે સદા, તેં ટાળ્યો નહિ સંતાપ;
રે! દરિદ્ર તેનું ટાળોરે, લક્ષ્મી વર તું શાનો હરી સમજી

સાખી

દીધી જેણે દીકરી, રાખી તમ વિશ્વાસ;
નિર્ભય રહેવા કારણે, દીધો તમને વાસ;
સંપત્તિ સૌ સોંપી પણ, ઉદધિ કર્યો નિરાશ;
* સુત મારી નિર્વંશ કાઢયોરે, શરણાંગત તું શાનો હરી. સમજી

સાખી

સુખ શાન્તિ સંપ સોંપીને, ચત્રુભુજે પંપાળ;
દુષ્ટ રિવાજો દૂર કરી, ક્ષત્રી તનુજો પાળ;
આળ ઇચ્છુનું ફેડવા, (થા) કુધારાનો કાળ;
સમજીઆને લ્હાવોરે, હું રાખું તમપર દાવોરે, ધાવો વેગે વિઠલા હરી
ગણુકારો નહિં તો ખુલ્લાં કરૂં તમ છિદ્ર   પ્યારા

---

* સુત-સમુદ્રનો પુત્ર-જાલંધર.

આત્માને કર્તવ્ય પરાયણતાનો ઉપદેશ.

પદ

નહિ ચીજ કોઇ ગળી, ગરજસમ નહિ ચીજ કોઇ ગળી એ રાગ

(૧)

આ માથે આવ્યાં પળી, મુરખ મન, માથે આવ્યા પળી,
કર્તવ્ય નિજ તું નથી કરતો, માયામાં પીગળી મુરખ
બાળપણે તું લાડ લાડયો, વત્સલ પ્રેમે ઢળી.
ભર જુવાની એળે ચાલી, અભિમાનમાં છળી. મુરખ.
આજ કરૂંને કાલ કરૂં હું, મનસુબા મન ભરી,
ઘડપણમાં પસ્તાવો કરશે," હવે જવાનો મરી," મુરખ.
ગભવાસમાં કરગરતો તો, કાલાવાલા કરી.
મૂઢમતિ બેવચની થાતાં, નહિં શરમાયો જરી મુરખ.
કાળ સકળ તેં વ્યર્થ ગુમાવ્યો, દુરાચારમાં પળી,
ક્ષણભંગુર આ દેહ પળકમાં, કાળ જવાનો ગળી મુરખ.
લખચોર્યાશી યોનિ માંહીં, ઉત્તમ યોનિ મળી.
સાધક થઇ પુરૂષાર્થ સાધકે, જાય આપદા ટળી મુરખ
અણમૂલી આ જીંદગી કેરૂં, સાફલ્ય લે કરી
નામ અમર ઇશ્વરપદ પામે, ભવસાગરને તરી મુરખ.
અકલિત આ ઇશ્વરની માયા, કળાય તો લે કળી
પંચશીળને પ્રભુની ભકતિ, સાર વસ્તુ બે મળી મુરખ.

ॐ

ક્ષત્રિય ધર્મ સમુલ્લાસ.

॥ ज्ञानविवर्धनो विजयतेतराम् ॥

वसन्त तिलका.

यत्सत्तया सदिदमस्ति यदात्मभासा
प्रद्योतितं जगदशेषम पास्तदोषम् ॥
तद्ब्रह्म निष्फलमसंगम पारसौख्यं
प्रत्यग्भजे परममंगलम द्वितीयम ॥१॥

ભર્તૃહરિ વિજ્ઞાનશતક.

ભાવાર્થ:—જેની સત્તાથી જડ અને ચેતનવાળું આ સર્વ જગત અસ્તિત્વ ભોગવે છે, અને જેના પ્રકાશથી પ્રકાશે છે; તે નિષ્કલ, સર્વ સંગથી રહિત, સઘળા દોષોથી રહિત, અનન્ત સુખ સ્વરૂપ, પરમપદ, મંગલમય અને અદ્વિતીય એવા, ઘટઘટમાં વ્યાપી રહેલા—સર્વ વ્યાપી પરબ્રહ્મને હું ભજું છું, સેવું છું.

મારો હેત્વાભાસ.

પુર્વે ભારતવર્ષરૂપી મહાલયના રત્નરૂપ ગણાએલા રાજપુત્રો! આજે મને અનન્ય આનંદ ઉપજે છે; કે આપણી સમક્ષ આ "ક્ષત્રિય ધર્મ સમુલ્લાસ" મૂકવાનો મને અવકાશ મળ્યો છે. હરકોઇ વિષય આ-

લેખવા પહેલાં તેનો હેતુ શું છે, તે જાહેર કરવાની પુરાણી સંસ્કૃત કવિઓની પદ્ધતિ મુજબ રજા લઉં છું.

ધર્મજિજ્ઞાસુઓને આ જગતમાં ઉત્તમોત્તમ સમાગમ પુસ્તકોનો છે. સાધુજનના માર્ગદર્શક પુસ્તકોજ હોય છે જેમ ખલ પુરૂષો સ્વાર્થ સાધવા નિમિત્તે મિત્રાચારી બાંધે છે. અને વિપત્તિમાં તજીદે છે; જેમ કેટલાક સંન્યાસીઓ પોતાની તૃષ્ણા તૃપ્ત કરવાને ધર્મગુરૂનો આડંબર કરે છે, ને શિષ્યવર્ગને અવળે માર્ગે દોરે છે; જેમ ધુર્ત પુરૂષો સામાના હૃદયમાં પેસી છળ પ્રપંચથી પોતાની વાસના ફળીભુત કરે છે, અને પછી દગો દે છે; જેમ વેશ્યાઓ દ્રવ્યના લોભાર્થે ધનવાન પુરૂષોની સંગતિ કરે છે, પણ તેને વસ્ત્ર-લોચન કીધા પછી કટાક્ષ દૃષ્ટિએ જુએ છે; તેમ પુસ્તકરૂપી મિત્ર કદાપિ કરતો નથી. એની દોસ્તીનો લાભ, આપણે જ્યારે જોઈએ ત્યારે, અને જ્યાં જોઇએ ત્યાં મળી શકે છે. સેવક જનોના સંસર્ગમાં હોઇએ કે પછી નિરાધાર એકલા હોઇએ, તો પણ તે આપણને આનંદ આપે છે. દુઃખના સમયમાં દીલાસો આપે છે એટલુંજ નહિ, પણ હૃદયમાં દઢતા અને ધૈર્ય સીંચે છે, અને સુખના સમયમાં પણ છકી જવા ન દેતાં, નિયામક બનાવી ઉત્તમ પ્રકારના ભોગ ભોગવાવે છે. જ્યાં કોઇ આપણો બેલી ન હોય ત્યાં પણ ખરેખર બાન્ધવની ગરજ સારે છે.

સંતસમાગમ ખરેખર શોકનો શત્રુ છે, ભયનો નિવારક છે, પ્રીતિ અને વિશ્વાસનું પાત્ર છે, દુર્વાસનાને દૂર કરે છે, મનને વિમળ કરે છે, પાપનું પાન કરે છે–અર્થાત નાશ કરે છે, અને પ્રાણીઓ ઉપર દયાભાવ ઉત્પન્ન કરે છે. કહો તે શું નથી કરતો ? અર્થાત્ સર્વ કરવાને શકિતમાન છે; પરંતુ ખરેખરા સંતનો સમાગમ થવો ઘણો દુર્ઘટ છે. એવા પુરૂષો સ્થળે સ્થળે મળતા નથી; મળે તો કોઇકનેજ, અને તે કવચિતજ. એટલા માટે પુરૂષોના સમાગમ કરતાં પુસ્તકોનો સમાગમ વધારે ફળદાયક છે; કારણ કે

તે સહજમાં મળી શકે એટલુંજ નહિ, પણ તેમાંથી ખોટો ઉપદેશ મળવાનો સંભવ કદિપણ રહેતો નથી. લેખક નીતિમાન્ કે અત્યાચારી ગમે તેવો હોય, પણ તેનાથી પુસ્તકોમાં ખોટું લખી શકાતું નથી. તેમાં તો હંમેશાં ન્યાય અને નીતિમાંજ રહેવું પડે છે.

આમ પુસ્તક એક અત્યુત્તમ મિત્ર છે. આધ્યાત્મિક અને ઐહિક ઉન્નતિની ઇચ્છા રાખનારાઓએ જેમ બને તેમ એની દોસ્તી વધારે રાખવી જોઇએ, અને એના સહવાસ વધારે કરવો જોઇએ. સંતપુરૂષોની સોબત કરવી, અને બોધદાયક પુસ્તકો વાંચવાં, એ આપણો ધર્મ છે. એથી આપણને અનેક લાભ થવાનો સંભવ છે. એથી પાપ કર્મ ને નબળા વિચારો દૂર થાય છે; અને પુણ્યના માર્ગમાં ચાલતાં શીખીએ છીએ.

" दूरीकरोति कुमतिं विमली करोति "
" चेतश्चिरन्तनमघं चुलुकी करोति । "
" भूतेषु किं च करुणां बहुली करोति "
" सङ्गः सतां किमुन मंगलमातनोति ॥ "

માસિકની શરૂઆત એવા ગર્ભિત હેતુથી હતી; કે અન્ય દ્વિજવર્ણને પોત પોતાના ધર્મ પ્રદર્શિત કરી તે તે પ્રમાણે વર્તવા સૂચવવું; શારીરિક, માનસિક, નૈતિક, અને અધ્યાત્મિક સંપત્તિ વધારવાની પ્રેરણા કરવી; દેશજન અને બ્રિટિશ મહારાજ્યનાં પ્રજાજન તરીકે પોતાની ફરજો શીશી છે, અને તે કેવી રીતે બજાવી શકાય, તેનો ખ્યાલ આપવો; અને પ્રત્યેક મનુષ્યે જનમંડળમાં કેવાં કામો કરવાં, જીવનનું સાર્થક શીરીતે કરી શકાય, તે દર્શાવવું. પરંતુ અમુક વ્યકિતના ઉપર આક્ષેપ કરવા, અગર કુસંપનાં બીજ વાવી અશાન્તિ પ્રસારવી, એવો લેશમાત્ર નહતો. પણ ખર્ચ નીભે એટલી આવક માટે પુરતાં ગ્રાહકો નહિ થવાથી મારા ઉદ્ગાર

આપની સમક્ષ મૂકવા આ લઘુગ્રંથ પુસ્તક તરીકે બહાર પાડયો છે. જો ગ્રાહકોની પુરતી સંખ્યા થાય અને એમનું ખર્ચ નિભાવવાને જ્ઞાતિ શુભેચ્છક કોઈ વિરલ પુરૂષનો આગ્રહ થાય તો માસિક પ્રગટ કરવાને હરકત નથી. વળી જે જે સજ્જનો પ્રતિથી ગ્રાહક થવાની સંમતિ મળી હતી તે તેગૃહસ્થો તરફ આ લઘુ ગ્રંથ વેલ્યુપેબળથી મોકલ્યો છે, અન્ય ગૃહસ્થો તથા શ્રીમાન્ મહારાણા અને ઠાકોર સાહેબો પ્રતિ બુકપોષ્ટથી મોકલ્યો છે. જેઓ સ્વીકારી આશ્રય અર્થે અમુક રકમ મોકલી આપશે તો સેવક સ્વીકારી આભારી થશે. હાલતો કર્તવ્ય પરાયણુતા વાપરી ખર્ચ કરી સાહસ કર્યું છે. જેમાં ઈશ્વર સહાયભુતિ આપો અસ્તુ

સંપાદક



ઉન્નતિનું પ્રથમ બિન્દુ.

અરેરે ! હે આત્મા તું આવો બાયલો અને મલિન બુદ્ધિનો કયારે હતો ? શું તારામાં પવિત્ર રૂધિરાભિષણ નથી રહ્યું ! તારા જન્મપિન્ડમાં અપવિત્ર લોહીનું મિશ્રણ થયું છે ! ત્યારે કારણ શું ? કારણ એજ કે " यादृशं भक्षयेदन्नं बुद्धिर्भवति तादृसा " અર્થાત્

" જેવો આહાર તેવો ઓડકાર "

૧

મદ્ય માંસનો ઉપયોગ લેવામાં તું પ્હેલો નંબર, ભક્ષ્યાભક્ષ્યનો તો તને વિચારજ નથી, ઢેડ ભંગી જેવી નીચ કોમથી ઉચ્ચિષ્ટ છતાં લાલબાઈના લાલનમાં લપટાઇ, ચોટામાં અને નાત જાતમાં ટકાનો ત્રણશેર વેચાઇ, તારૂં પોતાનું મહત્વ, જ્ઞાન અને દ્રવ્ય ક્ષણવારમાં ગુમાવી, અમૂલ્ય દેહને કાચના વાસણ જેવી બનાવે છે. રોગને સ્થાન આપે છે, શારીરિક બળનું સત્યાનાસ વાળે છે; તો પછી આવો નિર્માલ્ય કેમ ન થાય ! તું જે એક વખત અડગ, સશક્ત અને સ્વાશ્રયી માણસ હતો, તે આજે બળહિન બીકણ અને પરાધીન કેમ થયો છે! શ્વાનવત્ જીંદગી શાને ગુમાવે છે? આધ્યાત્મિક અને ઐહિક સુખ કેમ નથી મળતું ? કારણ એજ છે કે;- અનેક પુરૂષોનો સંગ કરનારી, દુર્ગંધથી ભરેલી, એ ગુણિકા લાલબાઇને શોકનું સાલ જોઇ કીતિબાઇ કયાંથી પરણવાની ઇચ્છા રાખે ! અને તે નહીં તો તેના સંબંધી સંતોષ, સુખ, બળ, નિડરપણું, સ્વાશ્રય, સંપ એ સર્વે કયાંથી સંસર્ગમાં આવે? કદિ નહિં.

જેમ તું તારી જાતેજ આત્મઘાતી થયો છે, તેમ જો તું તારી ઉન્નતિ ઇચ્છતો હોય તો તારા હાથમાંજ છે. જેવો આહાર કરશે તેવો ઓડકાર આવશે. જેમ સ્વભાવ સાત્વિક રાજસી અને તામસી એવો ત્રણ પ્રકારનો છે, તેમ આહાર

પણ સાત્વિક રાજસી અને તામસી એવો ત્રણ પ્રકારનો છે. જેવો આહાર હોય તેવો સ્વભાવ બંધાય છે, સાત્વિક ખોરાક ખાનારનો સ્વભાવ સાત્વિક હોય છે, તેમ સાત્વિક સ્વભાવના માણસને રાજસી કે તામસી ખોરાક રૂચતો નથી. એજ પ્રમાણે રાજસી ખોરાકથી રાજસી, અને તામસી ખોરાકથી તામસી સ્વભાવ બંધાય છે. જેમ સાત્વિક સ્વભાવને દૈવી સ્વભાવ કહે છે; કારણ કે તે ઉત્તમ છે. તેમ તામસી સ્વભાવને આસુરી સ્વભાવ પણ કહે છે; કારણ કે તે અધમ છે. દૂધ, ઘી, રોટલી અથવા પુરી, ચોખા, લીમડાનું પાણી, કંદ વગેરે સાત્વિક ખોરાક છે. સાકર, લીંબુ, તેલ, દહીં, ઘણાંખરાં શાકભાજી, વગેરે રાજસી ખોરાક છે. કાંદા લસણ, મરચાં મદિરા, તાડી, માંસ વગેરે આસુરી ખોરાક છે, અને તેથીજ તેને ખાવાનો નિઃષેધ કર્યો છે.

સાત્વિક પ્રકૃતિનો પુરૂષ મનઃસંયમી, ઇન્દ્રિયજીત, અને આધ્યાત્મિક જ્ઞાનનો જિજ્ઞાસુ હોય છે. તેણે કામ, ક્રોધ આદી ષડ્રિપુઓને વશ કરેલા હોય છે. અને બુદ્ધિને મંત્રીપદ આપેલું હોય છે. એથી ઉલટું તામસી પ્રકૃતિના માણસમાં જોવામાં આવે છે. તે વિષયસુખ (કર્મેંદ્રિય અને જ્ઞાનેન્દ્રિય દ્વારા ભોગવાતું બાહ્યસુખ) ને વશ થયેલો હોય છે. તેનામાં મનનું સામ્રાજ્ય હોય છે. અને વખતો વખત કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર બહાર પડે છે; મતલબ તેણે ષડ્રિપુને તાબે કર્યા નથી, પણ તે તેને તાબે થએલો છે. એવા માણસો હંમેશાં મનમાં બળ્યા કરે છે, અને અદેખા હોય છે. કોઇનું ભલું થતું હોય તે તેનાથી સાંખી શકતું નથી, અને સામા સાથે વેર બાંધે છે, તો આસુરી ખોરાકનો ત્યાગ કર્યા સિવાય સંપની આશા કયાંથી રહે ? નહિંજ. રાજસી એ મધ્યમ અને માનવસ્વભાવ છે. એટલા માટે સાત્વિક અને ગુણકારી ખોરાક લેશે, તો ઐહિક અને આધ્યાત્મિક સુખ મેળવશે, અને આસુરી ખોરાક લેશે તો બકરાક્ષસ જેવો અસુર બનશે. "કરે તેવું પામે, અને વાવે

તેવું લણે". લીમડાના પાણીમાં આમરસનો સ્વાદ ઈચ્છે તે કયાંથી મળે? બિચારી સરકાર પણ શું કરે? રૈયત વ્યસની ન બને અને સુખી થાય એવા હેતુથી વ્યસની પદાર્થ ઉપર ભારે ટેક્સ મૂકે છે, કે જેથી લોકો તેનો ત્યાગ કરે, પણ તે તું સમજતો નથી, અને પૂર્વપક્ષ ઉઠાવે છે કે સરકારનો હેતુ એવો હોય તો બંધીનો કાયદો કેમ ન કરે? પણ વિચાર કર, કે જેને માટે એ નિર્માણ હશે તેઓની લાગણી નહિ દુખાય? ઔષધ નિમિત્તે ઉપયોગ કરવાની બંધી કરી શકાય? હિંદભૂમિમાં કાંઇ એકજ કોમના લોકો વસે છે? અને જ્યારે અનેક કોમના લોકો વસે છે, તો સામાન્ય કાયદો કેમ થાય? વળી તું તો રોગની દવા આપતાં તેને ઝેર સમજી સામો વેર બાંધે એવો છે; માટે સમજીને સુધરવું હોય તો સુધર. નહિ તો ફાવેતેમ કર. મારે શું? " માણસ કહી છુટે ને બળદ વહી છુટે" મારો તો દાંડી આનો ધંધો એટલે બૂમ પાડું, પણ "ભેંસ આગળ ભાગવત્" અને "બહેરા આગળ શંખ."

ઉન્નતિનું પ્રથમ બિન્દુ.

"હવે મને હરિ નામથી નેહ લાગ્યો" એ રાહ

હવે તમે ઉન્નતિનું દ્વાર ઝાલો — ટેક
સર્વે બન્ધુ દારૂને હાંકી કાઢોરે
ક્ષત્રી બન્ધુ મદ્યનું મોંડું બાળોરે — હવે
ગજવાંનો સાપ કરડયો, કુખમાંનો વિંછીરેજી
ભિતરનો ભેદુ થઇ એણે, હૃદયે દાટ વાળ્યોરે — હવે
અંતરની કોમળતા ખોઇ, પૈસાની ખુવારી જોઇ,
ગરીબાઇમાં શાને....તમે મા'લોરે — હવે
ઘેલા થઇ ઘરમાં ઘાલો, કાળજડાં શીદને બાળો;
દુ....ટને ત્યાગી આગળ ચાલોરે — હવે

[1]દારૂ કહે છે હું નઠારો, ફાવે તો મમ પાસે આવો;
નફ્ફટ થઇ તે પાસે....તમે જતાંરે   હવે
સુખની અપેક્ષા રાખી, ભવિષ્યની ઉન્નતિ ભાળી
સત્યના મા....ર્ગને ઝાલોરે   હવે
ઇશ્વરની ઇચ્છા જોઇ આળસને અવગણના ખેઇ;
મદિરાને પ્રણામ કરી દૂર હાલોરે   હવે
પ્રતિજ્ઞા દ્રઢ મનમાં પાળી, તામસી વસ્તુ કદિ ન ખાવી:
નિઃષેદ્ધ પદાર્થો ભાળી, 'થુથુ' કરતા હાલોરે   હવે

---

૧ દારૂ પીતાં શરૂઆતમાં કંપારી આવે છે. અને મોં કટાણું થઈ જાય છે. એ નઠારાપણાનું લક્ષણ શરૂઆતમાં સૂચવે છે.



દ્વિતીય બિન્દુ.

વિર્યની બુદ્ધિ પર થતી અસર.

૨

બુદ્ધિની પ્રબલતાનો આધાર માબાપના વિર્ય ઉપર છે. આધુનિક પ્રજા વિર્યનું મહત્વ-સામર્થ સમજ્યા વિના તેનો દુરૂપયોગ કરે છે, તેનું પરિણામ અશક્તિ, અધમતા, અને નિર્માલતા છે. પ્રત્યેક મનુષ્ય જાણે છે કે; સુતરનો એક તાંતણો સહેલથી તોડી શકાય છે, પણ જ્યારે અનેક તાંતણાનો સમુહ એકત્ર થાય છે ત્યારે ઘણું બળ વાપર્યાં છતાં તુટી શકતો નથી. તાંતણાનો સમુહ જેમ ઓછો તેમ બળનો અભાવ, અને વધારે તેમ બળનો પ્રભાવ દીઠામાં આવે છે; તેજ પ્રમાણે વિર્ય જેમ પાતળું અને આછું, તેમ પ્રજા નિર્બળ, કમઅક્કલ, અલ્પાયુષી, રોગી, અપૂર્ણ અવયવવાળી, કદ્રુપી અને નિસ્તેજ નિવડે છે. એથી ઉલટું વિર્યનું ઘટ્ટત્વ જેમ વધારે તેમ પ્રજા બળવાન્, બુદ્ધિમાન્, દીર્ઘાયુષી, નીરોગી, સંપૂર્ણ અવયવવાળી, સ્વરૂપવાન અને તેજસ્વી નીવડે છે. જો ખેતરમાં ઉત્તમ બીજ વાવીશું તો ઉત્તમ ફળ દેખીશું. ધાણીયાકે પોટીયા ઘઉં વાવેથી હાંસોટી ઘઉં નીપજશે નહિં, પણ હાંસોટી અને તેમાંએ સળ્યા વિનાના મોટાદાણાના ચોકખા કરી તે બીજ વાવીશું તો ઉંચી જાતના પાણીદાર અને દળદાર ઘઉં મેળવી શકીશું;-કડાનું બી વાવીને કોલમ કે કુલ્કાની આશા વ્યર્થ છે; તેમ નિર્માલ્ય અને આછાં વિર્યથી ઉત્તમ રૂપ, ગુણ, બળ, અને બુદ્ધિશાળી પ્રજા-સંતતિની આશા રાખવી વ્યર્થ છે.

વિર્ય એ જડ અને ચૈતન્ય ઉભયનું સંમિશ્રણ છે; પુરૂષ અને પ્રકૃતિ-(આત્મા અને જગત)નું એકીકરણ થવાથી વિર્ય બનેલું છે. જો સુક્ષ્મદર્શક યંત્ર દ્વારા નિરીક્ષા કરીશું

તો તેમાં એ બે વસ્તુ નજરે પડશે. પાતળા અને આછાં વિર્યમાં ચૈતન્યનાં જેટલાં જંતુ (આત્મા) માલમ પડશે, તેનાં કરતા વધારે પ્રમાણુમાં ઘટ વિર્યમાં માલમ પડશે. હવે ઉપલું દ્રષ્ટાંત લઇ તપાસો કે; જે ગર્ભમાં આત્માના જંતુઓ વધારે છે, તે ગર્ભ વિશાળબુદ્ધિનો કેમ ન નીવડે! આત્માના થોડાં જંતુસમુહથી બંધાયલા ગર્ભપિંડથી ઉત્પન્ન થએલાં મનુષ્ય કરતાં આત્માના ઘણાં જંતુ સમુહ વડે બંધાયલા ગર્ભપિંડથી ઉત્પન્ન થએલાં મનુષ્યમાં બુધ્ધિનો ઝમાવ અધિક હોય, એ નિઃસંશય છે; કારણુકે તેમાં આત્માની વિશેષતા છે

એજ પ્રમાણે પાતળાં વિર્ય માંહેલા પંચમહાભુત જગતમાં જલનો ભાગ વધારે અને પૃથ્વી, તેજ, આકાશ, અને વાયુનાં તત્વો થોડાં હોય છે, જેથી એવાં વિર્યથી ઉત્પન્ન થએલી સંતત્તિ બળહિન, નિસ્તેજ, નાજુક શરીરની, રોગી અને બીકણુ હોય છે. શરીરમાં પૃથ્વી તત્વથી બળ, તેજ તત્વથી કાન્તિ (ઓજસ્), આકાશ તત્વથી ઉત્તમ ગુણુ અને બુદ્ધિ, વાયુ તત્વથી પ્રફુલ્લતા અને વિશાળતા, અને જલ તત્વથી કોમળતા અને સ્વરૂપ આવે છે. માટે જે વિર્યમાં એ બધાં તત્વો સમઘાત હોય—પરિપકવ હોય,-વધારે પ્રમાણુમાં હોય તે વિર્યથી ઉત્પન્ન થએલી પ્રજા મનુષ્યરત્ન નીવડે એ નિર્વિવાદ છે.

હવે સમજાયું હશે કે;—આપણી અને આપણી પ્રજાની મહત્તા વધારવી હોય; દીર્ઘાયુષ્ય, બુદ્ધિ, કાન્તિ, શૌર્ય, શકિત, નીરોગીપણું વગેરેની અપેક્ષા હોય; આ લોકમાં અને પરલોકમા સુખની ચાહના હોય, અને સંસારની સર્વે સંપત્તિ મેળવવી હોય તો વિર્યનો સંચય કરવો—તેને જીવની પેઠે જાળવવું, પરસ્ત્રીગમન ન કરવું, સ્વસ્ત્રીગમન પણુ પશુવત્ ન કરવું, કારણુ કે ઋતુકાળ વગર આપેલું ઋતુદાન વ્યર્થ જાય છે.

॥ वृथा वृष्टि समुद्रेषु, वृथा तृप्तेषु भोजनम् ॥

॥ वृथा दानं धनाढ्येषु, अकाले ऋतुदान व्यर्थः ॥

ભાવાર્થ—જેમ સમુદ્રમાં થએલી વૃષ્ટિ વૃથા છે, અર્થાત્ તેથી ધાન્ય પાકતું નથી; જેમ ધરાયલાને ભોજન કરાવવું વૃથા છે, અર્થાત્ તેથી ઉલટું અજીર્ણ થઇ રોગ ઉત્પન્ન થાય છે; જેમ દ્રવ્યવાન ને દાન આપવું વૃથા છે, અર્થાત્ તેની તેને ગણના નથી; તેમ અપુષ્પિણી, (ઋતુપ્રાપ્ત થયા વિનાની) સ્ત્રીને ઋતુદાન આપવું વ્યર્થ છે, અર્થાત્ તે વેળા ગર્ભ રહી શકતો નથી.

જ્યારે એમ છે; ત્યારે અલ્પ, નજીવાં વિષયસુખને અર્થે હરહંમેશ અમુલ્ય વિર્ય સ્ખલિત કરી તેનો દુરૂપયોગ કરવો એ કેટલું બધું અનિષ્ટ છે? એથી નરરત્ન ઉત્પન્ન થવાનો સંભવ લેશ માત્ર રહેતો નથી.

બુદ્ધિનો આધાર, વિર્ય ઉપર છે. વિર્યની બલિષ્ટતા બ્રહ્મચર્ય ઉપર આધાર રાખે છે. એજ બ્રહ્મચર્યના પ્રભાવે આયુષ્ય, બળ, હિંમત, આરોગ્ય વગેરે મનુષ્યદેહની ઇમારત ચણવાનાં સાધનો વૃદ્ધિ પામે છે; માટે અમૂલ્ય જીંદગી રૂપી ઈમારતનો પાયો બ્રહ્મચર્ય છે. જેમ બ્રહ્મચર્યની વિશેષતા તેમ આ લોક તથા પરલોકના સુખના સાધનો વધારે મળી શકે, એટલું જ નહિ પણ નરરત્નોનો ઉદય થાય છે.

અંજની પુત્ર હનુમાને પોતાના સ્વામી શ્રી રામચંદ્રજીની અનુજ્ઞા થતાં નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રભાવ વડે માનવ માત્રને આશ્ચર્ય પમાડે એવું સો યોજન વિસ્તારવાળા સમુદ્રનું ઉલ્લંઘન કરી, અસંખ્ય બળવાન્ રાક્ષસોની સમક્ષ પોતાની અલૌકિક શકિત બતાવી હતી. અને રાવણ જેવા મહા બળવાન્ યોદ્ધાને મ્હાત કરી એવું પરાક્રમ કરી બતાવ્યું હતું કે જેથી જગતમાં અદ્યાપિ સુધી તેનું નામ

નામાંકિત શૂરવીરોની ગણત્રીમાં પ્રધાનપદ લે છે. તેમજ ભીષ્મપિતામહે કુરૂક્ષેત્રના યુદ્ધમાં કૌરવોનું હિત કરવા ખાતર શ્રી કૃષ્ણ જેવા રણવીર પુરૂષની પ્રતિજ્ઞાનો ભંગ કરાવી પોતાની પ્રતિજ્ઞાને અખંડ સ્થિતિમાં રાખી હતી; એટલુંજ નહિં પણ ભીમાર્જુનાદી મહા પરાક્રમી પાંડવોને પણ પરાભવની અણી ઉપર લાવ્યા હતા, અને કાળ (મૃત્યુ) ને પણ વશ કરી શકયા હતા. એ તેની અગાધ શાકતનું કારણ એજ હતું કે, તેમણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું હતું.

નૈષ્ઠિક બ્રહ્મચારી પોતાનું એકલાનુંજ નહિં, પણ પોતાનાં વિર્યમાં જે અનેક જીવાત્મા ઉત્પન્ન થએલા (કારણદેહી રૂપે રહેલા) હોય છે તે સર્વનું કલ્યાણ કરી શકે છે. કારણ કે તેનો ગર્ભાશયમાં પ્રવેશ ન થવાથી સ્થૂલ દેહ ધારણ કરી શકતા નથી અને તેઓ મૂળ પુરૂષના આત્માની સાથેજ શાન્તિ એટલે મોક્ષ પામે છે.

ઉન્નતિનું દ્વિતીય બિંદુ.

બ્રહ્મચર્ય.

ભજને પ્રભુને ભાવેરે—પામર પ્રાણી—એ રાહ.

તું સેવ વિર્યને ભાવેરે—હે ! અજ્ઞાની
એ અમુલ્ય દેહ બનાવેરે—હે ! અજ્ઞાની
એ ત્રિવિધિ તાપ સમાવેરે—હે ! અજ્ઞાની
બહુ સ્ત્રીઓ ઘરમાં ઘાલે, તું કામ કટાક્ષે ભાળે,
નત્ર સુખી થાય કે કાળેરે—હે ! અજ્ઞાની
તન વાડી તું લુટાવે, બળ બુદ્ધિ કયાંથી આવે;
શા માટે ભવ તું બાળેરે—હે ! અજ્ઞાનિ
જો બાળ લગ્ન અટકાવે, સુત મોટપણે પરણાવે;

સુખ સંપતિ સર્વ ભાવેરે—હે ! અજ્ઞાની
જો બ્રહ્મચર્ય નિત પાળે, જો પત્નીવૃત તું પાળે;
તો અખંડ કીર્તિ સુહાવેરે,—હે ! અજ્ઞાની
જો જન્મ ધર્યો શા માટે, પુરૂષાર્થ સાધવા કાજે;
આ દેહ ફરિ નહિ આવેરે—હે ! અજ્ઞાની
લખ ચોર્યાશીને ફેરે, છે મનુષ્ય દેહ અમૂલે;
એ નૌકા પાર ઉતારેરે—હે ! અજ્ઞાની
આવે રોગ જોર કરી, ખાય દેહ ખંત ધરી,
જો ન હોય વિર્ય જરી—રે ! અજ્ઞાની
ભીમ ભીષ્મને પ્રતાપ, હનુમંત હૃદય થાપ,
વિર્યનો છે એ પ્રતાપ—રે ! અજ્ઞાની.

———



ઉન્નતિનું તૃતીય બિન્દુ.

પતિધર્મ.

વાચકવૃંદ! પુરૂષો બળવાન્ છે, માટે સ્ત્રીઓની આંતરડી કકળાવવી, એ ભુષણ ખરૂં કે? એથી કોઇ સુખી થયું હશે, અને થશે કે? આપણા આર્ય ધર્મ પ્રમાણે લગ્નક્રિયા વખતેત મારી પત્ની સાથે જે કરાર કરો છો, તે યથાર્થ પાળો છો? જે અનાથ અબળા આપણા આશ્રય નીચે આવી છે તેનો ધ્વંસ કરવાથી આપણી મોટપને કલંક નહિ બેસે? ગરીબડી ગાય જેવી અબળા ઉપર નિર્દયતા ગુજારવી, એ આપને યોગ્ય છે! ગાય અને સ્ત્રી, જેઓએ પોતાનું જીવન પોતાના ધણીને અર્પણ કર્યું છે, તેઓને અન્ન, વસ્ત્ર અને પ્રેમાળ વચનોથી સંપૂર્ણ રીતે સંતોષવામાં નહિ આવે; તો તેના હૃદયમાં સંતાપના કેટલા ઉભરા ઉઠતા હશે!

મનવ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

पितृभि भ्रांतृभिश्चैता पतिभिर्देवरैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभिः ॥
यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्रा फलाः क्रियाः ॥
शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम् ।
नाशोऽन्तितु यत्रैताः वर्द्धते तद्धि सर्वदा ॥
जामयो यानि गेहानि शापत्न्य प्रति पूजिताः ।
तानि कृत्या हतानीव विनश्यन्ति समन्ततः ॥

"मनुस्मृति"

કલ્યાણને ઇચ્છનાર પિતા, ભ્રાતા, પતિ અને દીયરે પોતાના ઘરની સઘળી સ્ત્રીઓનો અતિસત્કાર કરવો. જે કુલમાં સ્ત્રીજનનો સત્કાર થાય છે, તે કુલ દેવતાઓની

રમણભૂમિ બની રહે છે; અને જ્યાં સ્ત્રીઓને તરછોડી મૂકવામાં આવે છે, ત્યાં સર્વ ક્રિયા ફળદાયક નીવડતી નથી. જે કુલમાં સ્ત્રીઓ રૂદન કરે છે, તે કુલનો અવશ્ય નાશ થાય છે; અને જે કુલમાં સ્ત્રીઓનાં હૃદય અને મુખ પ્રફુલ્લિત-પ્રસન્ન રહે છે, તે કુલની વૃદ્ધિ થાય છે. જે કુલમાં સ્ત્રીઓનું અપમાન થાય છે; તે કુલ, ઝેર દેવાયું હોય તેમ હરકોઇ રીતે સત્વર નાશ પામે છે.

જો તમે શાસ્ત્રને પ્રધાન માનતા હો, તો આ શાસ્ત્રની આજ્ઞા ગર્જના કરીને કહે છે કે, "સ્ત્રીની આંખનું એકજ આંસું સમસ્ત વિશ્વને બાળી નાખાવાને સમર્થ છે" આપણે પ્રાચીન કાળનાં શાસ્ત્રોની આજ્ઞાઓ, અને પૂર્વજોની રૂઢીને ન માની, અનેક અબળાઓના એટલા બધા નિસાસા લીધા છે; કે પરિણામે તેમના શાપથી આપણી પ્રતાપી ભારત ભૂમિ આજે ખેદાન મેદાન થઇ ગઇ છે. આર્યાવર્તની જે રમણીય ભૂમિ તે સ્મશાનભૂમિ બની રહી છે. અનાથના નિઃશ્વાસ કદિ પણ નડયા વિના રહેતા નથી.

આધુનિક સમયમાં આપણી અવનતિ થવાનું મોટામાં મોટું કારણ એજ છે કે; પુરૂષો સ્ત્રી પ્રત્યેની પોતાની ફરજ બીલકુલ [illegible] ગયા, [illegible] બીચારી ગાય જેવી અબળાને જન્મ પર્યંતનાં કારાગૃહમાં પુરી તેનો હંમેશાં નિસાસો લેછે. જેના પરીણામે આપણે ખરેખર ખપ્પરમાં રાખનારી **યોગિનીના** કોપમાં સપડાઇએ છીએ, અને જેમ ભમરો વાંસને અંદરથી ફોલી ખાય છે, તેમ નિશ્વાસથી આપણે નિર્જીવ બની જઇએ છીએ. માટે આપણું કલ્યાણ ઇચ્છવાને ઉત્તમ માર્ગ એ છે કે; તેને સઘળી રીતે સંતોષી હંમેશાં આનંદમાં રાખવી

ખરેખરો **ભરથાર** એજ છે કે; જે પોતાની પ્રિયાનું અન્ન વસ્ત્રથી સારી રીતે ભરણ પોષણ કરે છે. ખરો **ધણી** તેજ કે; જેના ઉપર પોતાની સ્ત્રીની તમામ મનોવૃત્તિ-તની

ફળીભુતવાનો આધાર છે. ખરેખરો પ્રિયતમ તેજ કે જેનું વર્તન પોતાની પ્રિયતમાનો પ્રેમ પ્રવાહ છે. ખરેખરો પ્રાણનાથ તેજ કે; જેમ બળદ નાથને તેમ પ્રિયા જેને આધીન છે. ખરેખરો કાન્ત તેજ કે; જેમણે પોતાનાં વર્તનથી પોતાની પત્નીનું તનમન હરણ કરી લીધું છે. ખરેખરો રમણ તેજકે; જેમ ગારૂડી નાગને, તેમ જે પોતાની અર્ધાંગનાને આનંદમાં રમાડે છે. ખરેખરો પ્રાણાધાર તેજ કે; જેમના ઉપર પોતાની પત્નીનું જીવન ટકી રહ્યું છે; અર્થાત્ જેના વગર સ્ત્રીની વાસના માત્ર નાશ પામે છે, અને તેને સંસાર શુન્યવત્ ભાસે છે. ખરેખરો મદનમોહન તેજકે જેનું વદન હંમેશાં ચંદ્રની પેઠે સ્ત્રીને શાન્તિ આપી તેનું મન હરણ કરી લે છે. સારાંશ કે; ખુશમિજાજમાં રહી હરકોઇ રીતે સ્ત્રીઓની કામના સંતૃપ્ત કરે છે. તેને નિરંતર આનંદ આપે છે. એ પુરૂષજ ખરેખરો પતિ છે. તેવા પતિની પત્ની તેમનાં સઘળાં કામમાં મદદગાર થયા વિના રહેતી નથી.

આ જગતમાં પત્ની સમાન બન્ધુ નથી. પત્ની સમાન શકિત નથી. ધર્મ કાર્યમાં સહાય કરનાર એના સિવાય કાંઇપણ બીજું સાધન નથી.

॥ नास्ति भार्यासमो बन्धु, नास्ति भार्यासमा गतिः ॥
नास्ति भार्यासमो लोके, सहाय्यो धर्म संग्रहे ॥१॥

શું આટલું કહેવું બસ નથી! આશા છે; કે હવેથી વાચક માત્ર પત્ની પ્રત્યેના પોતાના ધર્મ બજાવશે

" अस्तु. "

ટીપ:—પતિ પ્રત્યેના સ્ત્રીઓના શા શા ધર્મ છે તે વિષય સ્ત્રી ધર્મ નામનાં પુસ્તકમાં હોવાથી અત્રે માત્ર પુરૂષોને માટેજ યથામતિ બે બોલ કહ્યા છે. જેથી પક્ષપાત ગણાશે નહિ, એવી આશા છે

સંપાદક.